# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

**************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડના હરસિલમાં જાહેર સભાને સંબોધિત કરશે.**

2) **વિદેશ મંત્રી ડૉ. જયશંકરે જણાવ્યું કે, અમેરિકાની વિદેશ નીતિમાં પરિવર્તન અપેક્ષિત-જે ભારતના હિતોને અનુરૂપ છે.**

3) **ઉત્તર પ્રદેશના કોશાંબી જીલ્લામાંથી પોલીસે એક આતંકવાદીને ઝડપી પાડ્યો છે.**

4) **રશિયા સાથેના યુદ્ધને સમાપ્ત કરવાની વ્હાઇટ હાઉસની યોજનાના ભાગરૂપે યુક્રેન સાથે અમેરિકાએ ગુપ્ત માહિતી શેર કરવાનું અટકાવ્યું.**

5) **ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં, ભારતના આયુષ શેટ્ટીનો શાનદાર વિજય.**

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PM - UTTARAKHAND

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઉત્તરાખંડની મુલાકાત લેશે. તેઓ મુખવામાં મા ગંગાની પૂજા અને દર્શન કરશે. શ્રી મોદી એક ટ્રેક અને બાઇક રેલીને લીલી ઝંડી આપશે અને હરસિલમાં એક જાહેર કાર્યક્રમમાં સભાને સંબોધિત કરશે.

ઉત્તરાખંડ સરકારે આ વર્ષે શિયાળુ પ્રવાસન કાર્યક્રમ શરૂ કર્યો છે. હજારો શ્રદ્ધાળુઓ ગંગોત્રી, યમુનોત્રી, કેદારનાથ અને બદ્રીનાથના શિયાળુ સ્થાનોની મુલાકાત લઈ ચૂક્યા છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ ધાર્મિક પર્યટનને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક અર્થતંત્ર, હોમસ્ટે, પર્યટન વ્યવસાયો વગેરેને વેગ આપવાનો છે.

# JAISHANKAR - TRUMP ADMN

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળનું USનું વહીવટીતંત્ર બહુધ્રુવીયતા તરફ આગળ વધી રહ્યું છે, જે ભારતના હિતોને અનુરૂપ છે.

ડૉ. જયશંકરે કહ્યું, શ્રી ટ્રમ્પના નેતૃત્વ હેઠળ અમેરિકાની વિદેશ નીતિમાં પરિવર્તન અપેક્ષિત હતું અને તે ઘણી રીતે ભારતને અનુકૂળ છે. વિદેશ મંત્રી ગઈકાલે સાંજે લંડનમાં ચેથમ હાઉસ થિંક ટેન્ક ખાતે 'વિશ્વમાં ભારતનો ઉદય અને ભૂમિકા' વિષયક સત્રને સંબોધિત કરી રહ્યા હતા. ડૉ. જયશંકર યુકે અને આયર્લેન્ડના છ દિવસના પ્રવાસે છે.

ટેરિફના મુદ્દા પર, તેમણે નોંધ્યું કે, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ હાલમાં દ્વિપક્ષીય વેપાર કરાર પર ચર્ચા કરવા માટે વોશિંગ્ટનમાં છે.

કાશ્મીરમાં સમસ્યાઓના ઉકેલ અંગેના પ્રશ્નના જવાબમાં, ડૉ. જયશંકરે કહ્યું, કલમ 370 દૂર કરવી એ પહેલુ પગલું હતું, કાશ્મીરમાં વિકાસ અને આર્થિક પ્રવૃત્તિ અને સામાજિક ન્યાય પુનઃસ્થાપિત કરવાનુ બીજુ પગલું હતું, અને ખૂબ જ ઊંચા મતદાન સાથે ચૂંટણી યોજવી એ ત્રીજુ પગલું હતું. તેમણે કહ્યું કે, પાકિસ્તાનના ગેરકાયદેસર કબજા હેઠળના કાશ્મીરને પરત ફરવાની ભારત રાહ જોઈ રહ્યું છે. આ ઘટના બાદ કાશ્મીર સમસ્યાનો ઉકેલ આવશે.

ચીન અંગે, ડૉ. જયશંકરે ઓક્ટોબર 2024 થી કેટલીક સકારાત્મક ગતિવિધિઓની નોંધ લીધી, જેમાં તિબેટમાં પર્વત કૈલાશ યાત્રા માર્ગ ખોલવાનો પણ સમાવેશ થાય છે.

# TERRORIST ARRASTED

ઉત્તર પ્રદેશના કોશાંબી જીલ્લામાંથી પોલીસે એક આતંકવાદીને ઝડપી પાડ્યો છે.

ઉત્તર પ્રદેશ S.T.F.અને પંજાબ પોલીસના સંયુક્ત ઓપરેશનમાં આતંકવાદીને ઝડપી પાડીને તેની પાસેથી વિસ્ફોટકો અને શસ્ત્રો જપ્ત કરવામાં આવ્યાં છે. આતંકવાદીના તાર I.S.I.અને અન્ય આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા હોવાનો ઘટસ્ફોટ થયો છે.

# PUNJAB-DRUG

પંજાબના અમૃતસરનાં જંડિયાલાના એક ગામમાંથી પોલીસે 23 કિલો હેરોઈન જપ્ત કર્યું છે. પોલીસ ઉપ મહાનિરીક્ષક સતિન્દર સિંહે જણાવ્યું કે, અગાઉથી મળેલી માહિતીના આધારે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને 23 જેટલા હેરોઇનનાં પેકેટ મળી આવ્યા હતા.તેમણે વધુમાં જણાવ્યું કે, પોલીસે આરોપીને પકડવા માટે તપાસ હાથ ધરી છે.

# MANDAVIYA-WEBINAR

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે, ભારતનું સામાજિક સુરક્ષા કવરેજ 24.4 ટકાથી બમણું થઈને 48.8 ટકા થયું છે.

લોકોમાં રોકાણ' થીમ પર બજેટ પછીના વેબિનારને સંબોધતા, મંત્રીએ ભાર મૂક્યો કે, રાષ્ટ્રની સૌથી મોટી સંપત્તિ તેના લોકો છે. તેમણે ઉમેર્યું કે, દસ નવી કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) મેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી છે, જેમાં 10 વધુ બનાવવાની યોજના છે.

ડૉ. માંડવિયાએ રોજગાર પહેલની સફળતા પર ભાર મૂકતો ડેટા રજૂ કર્યો, જેમાં ખુલાસો થયો કે 2014-24 વચ્ચે 17.1 કરોડ નોકરીઓનું સર્જન થયું હતું, જેમાં ફક્ત ગયા વર્ષે જ 4.6 કરોડ નોકરીઓનો સમાવેશ થાય છે. તેમણે 2047 સુધીમાં વિકાસ ભારત માટેના રોડમેપ પર વધુ પ્રકાશ પાડ્યો હતો.

# US-UKRAINE-MILITARY INTELLIGENCE

રશિયા સાથેના યુદ્ધને સમાપ્ત કરવાની વ્હાઇટ હાઉસની યોજનાના ભાગરૂપે યુક્રેન સાથે અમેરિકાએ ગુપ્ત માહિતી શેર કરવાનુ અટકાવી દીધુ છે. સાથે  લશ્કરી સહાયને પણ સ્થગિત કરી છે.

C.I.Aના ડિરેક્ટર, જોન રેટક્લિફ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર, માઈકલ વોલ્ટ્ઝ, બંનેએ ગુપ્ત માહિતી સપોર્ટમાં વિરામની પુષ્ટિ કરી હતી પરંતુ સૂચવ્યું કે, જો યુક્રેન ઝડપથી વાટાઘાટો તૈયાર થાય તો આ નિર્ણય પરત લેવાઇ શકે છે. એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરતા, શ્રી રેટક્લિફે ગઈકાલે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીના નિવેદનની પ્રશંસા કરી હતી, જેમાં રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની પ્રશંસા કરવામાં આવી હતી અને આગ્રહ કર્યો કે, તેઓ રશિયા સાથે શાંતિના પ્રયાસને ટેકો આપે.

શ્રી વોલ્ટ્ઝે વ્હાઇટ હાઉસ ખાતે પત્રકારોને જણાવ્યું કે, અમેરિકા હવે એક ડગલું પાછળ હટી ગયું છે અને આ સંબંધના તમામ પાસાઓની સમીક્ષા કરી રહ્યું છે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝીક

. . . . . . . . . . . . . .

# CHINA WARNS US

રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ વધારા મામલે વળતો પ્રહાર કરતાં ચીને અમેરિકાને ચેતવણી આપી કે, તે કોઈપણ પ્રકારના યુદ્ધ માટે તૈયાર છે.

ટ્રમ્પ દ્વારા તમામ ચીની માલ પર વધુ ટેરિફ લાદવામાં આવ્યા બાદ વિશ્વના બે ટોચના અર્થતંત્રો વેપાર યુદ્ધની નજીક પહોંચી ગયા છે. ચીને યુએસ કૃષિ ઉત્પાદનો પર 10-15% ટેરિફ લાદવાની જવાબી કાર્યવાહી કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, ચીનના દૂતાવાસે કહ્યું કે, જો યુદ્ધ એ જ છે જે અમેરિકા ઇચ્છે છે, પછી ભલે તે ટેરિફ યુદ્ધ હોય, વેપાર યુદ્ધ હોય કે અન્ય કોઈપણ પ્રકારનું યુદ્ધ હોય, ચીન અંત સુધી લડવા માટે તૈયાર છે. ટ્રમ્પ રાષ્ટ્રપ્રમુખ બન્યા પછી ચીન તરફથી આ અત્યાર સુધીનું સૌથી પહેલું આક્રમક નિવેદન છે.

# PAK BLAST

પાકિસ્તાનમાં, ગઈકાલે અશાંત બલુચિસ્તાન પ્રાંતના એક બજારમાં થયેલા વિસ્ફોટમાં ચાર લોકો માર્યા ગયા હતા અને પાંચ ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું કે, ખુઝદારના નાલ બજારમાં પાર્ક કરેલી મોટરબાઈકમાં IED બ્લાસ્ટ કરાયો હતો. નાલ પોલીસે પત્રકારોને જણાવ્યું કે, ઘાયલોમાંથી એકની હાલત ગંભીર છે.

વિસ્ફોટમાં કેટલાક વાહનો પણ નાશ પામ્યા હતા. એક નિવેદનમાં, બલુચિસ્તાનના મુખ્યમંત્રી મીર સરફરાઝ બુગતીએ વિસ્ફોટની ટીકા કરતા કહ્યું, ઘાયલોને તબીબી સંભાળ પૂરી પાડવાના આદેશો જારી કરવામાં આવ્યા છે.

# NEW IDF CHIEF

ઇઝરાયલ ડિફેન્સ ફોર્સ, IDFના 24મા ચીફ તરીકે ઇયાલ ઝમીરે કાર્યભાર સંભાળ્યો છે. પદભાર સંભાળતાની સાથે જ તેમણે ચેતવણી આપી કે, ઇઝરાયલનો તમામ મોર્ચે સંઘર્ષ યથાવત રહેશે અને તેમણે તેના દુશ્મનો પર આક્રમક રીતે પ્રહાર કરવાની ઇચ્છા જાહેર કરી હતી.

ગત 16 ફેબ્રુઆરીના રોજ સરકારે તેમની નિમણૂંકને મંજૂરી આપ્યા બાદ તેલ અવીવના કિર્યા લશ્કરી મથક ખાતે કમાન્ડ પરિવર્તન સમારોહ દરમિયાન 59 વર્ષીય ઝમીરે તેમની નવી ભૂમિકા સંભાળી હતી. તેમણે હર્ઝી હાલેવીનું સ્થાન લીધું હતું,

હમાસ અને ઇઝરાયેલ વચ્ચે યુધ્ધ વિરામ પર સંકટના વાદળો છવાયા છે તેવા સમયે જ ઝમીરે પદભાર સંભાળ્યો છે.

# ORLEANS MASTERS

ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં, ભારતના 19 વર્ષીય આયુષ શેટ્ટીએ સિંગાપોરના ભૂતપૂર્વ વર્લ્ડ ચેમ્પિયન લોહ કીન યૂ પર શાનદાર વિજય મેળવ્યો હતો. તેણે ફ્રાન્સના ઓર્લિયન્સના પેલેસ ડેસ સ્પોર્ટ્સ ખાતે આયોજિત BWF વર્લ્ડ ટૂર સુપર 300 ઇવેન્ટમાં 36 મિનિટમાં લોહ કીન યૂને 21-17, 21-9 થી હરાવ્યો હતો.

અનુભવી એચ.એસ. પ્રણોયે વિશ્વના 24મા ક્રમાંકિત ખેલાડી ચાઇનીઝ તાઈપેઈના વાંગ ત્ઝુ વેઈને ત્રણ ગેમમાં હરાવીને વિજયી શરૂઆત કરી હતી. પ્રણોયે 60 મિનિટના મુકાબલામાં 21-11, 20-22, 21-9થી જીત મેળવી હતી.

જોકે ભારત માટે મિશ્ર દિવસ રહ્યો અને ભારતીય ખેલાડી કિરણ જ્યોર્જ 32 રાઉન્ડના બીજા મુકાબલામાં એક કલાકથી પણ ઓછા સમયમાં સિંગાપોરની જિયા હેંગ જેસન તેહ સામે 21-15, 16-21, 10-21થી હારી ગઈ હતી

મહિલા સિંગલ્સ કેટેગરીમાં, માલવિકા બંસોડ ઈજા સાથે નિવૃત્ત થઈ ગઈ હતી જ્યારે ઉન્નતિ હુડા હારી ગઈ હતી. મિક્સ ડબલ્સ કેટેગરીમાં, રોહન કપૂર અને જી. રૂત્વિકા શિવાનીએ વિજય મેળવ્યો હતો.

# CRICKET- ICC CHAMPIONS TROPHY

ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં, ગઈકાલે રાત્રે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને 50 રનથી હરાવીને ન્યુઝીલેન્ડે ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

હવે ફાઇનલમાં ન્યુઝિલેંડનો ભારત સામે મુકાબલો થશે. ન્યુઝીલેન્ડ દ્વારા જીત માટે અપાયેલા 363 રનના લક્ષ્યનો પીછો કરતા, દક્ષિણ આફ્રિકા નિર્ધારિત 50 ઓવરમાં 9 વિકેટે 312 રન બનાવી શક્યું હતું.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા</u>

આજના અખબારોમાં પ્રસિધ્ધ થયેલા મુખ્ય સમાચારો પર નજર કરીએ તો

- દિવ્ય ભાસ્કરે ચીન-કેનેડા કરતાં ભારત પર ઓછો ટેરિફ લગાશે, ટ્રેડ ડિલથી વિવાદનો ઉકેલ શક્ય આ હેડલાઇન બનાવીને ભારત-અમેરિકા વચ્ચેની વર્તમાન વાટાઘોટોના સમાચારને પ્રાધાન્ય આપ્યું છે.
- ભારતે ઘણો ટેરિફ વસૂલ્યો , બે એપ્રિલથી અમારો વારોઃ ટ્રમ્પના નિવેદન સાથે ગુજરાત સમાચારે હેડલાઇન બનાવી છે.
- નવગુજરાત સમયે ટ્રમ્પના ટેરિફ ટાર્ગેટથી ભારતને સાત અબજ ડોલરનું નુકસાનના સમાચાર મુખ્ય બનાવ્યાં છે.
- અંગ્રેજી અખબાર ઇન્ડિયન એક્સપ્રેસે તામિલનાડુના તમામ પક્ષોએ સીમાંકનનો વિરોધ કર્યો અને તમામ વિરોધઈ પાર્ટીઓ આ મમાલે એક મંચ પર આવી હોવાના સમાચાર બનાવ્યાં છે.
- આ ઉપરાંત તમામ અખબારોએ પહેલા પેજ ઉપર ચેમ્પિયન્સ ટ્રોફીની બીજી સેમિફાઇનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવીને ન્યુઝિલંડ હવે ભારત સામે ફાઇનલમાં ટકરાશેના સમાચાર જોવા મળી રહ્યાં છે.
- સ્થાનિક અને રાજ્યના સમાચારોમાં તમામ અખબારોએ અમદાવાદમાં સ્કોર્પિયો લઇને રિલ્સ બનાવવા નિકળેલા ત્રમ યુવાનો ફતેવાડી કેનાલમાં ગરક થયાના સમાચાર પ્રકાશિત થયા છે.કચ્છમાં ડ્રગ્સ કેસમાં લોરેન્સ બિશ્નોઇ સામે આરોપનામુ દાખલના સમાચાર જોવા મળી રહ્યાં છે.